વર્ષ : ૩, અંક : ૧, સળંગ અંક : ૨૫ દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક માર્ચ : ૨૦૧૪

સતપંથ પ્રકાશ





વિશ્વ ગાયત્રી મિશન આયોજીત

સોળમો નર્મદા જયંતિ મહોત્સવ
શ્રી સદ્‌ગુરુ અમૃત મહોત્સવ
શ્રી સર્વ ધર્મ સદ્‌ગુરુ કથા



ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન શ્રીમદ્ જગદ્‌ગુરુ રામાનંદાચાર્ય સ્વામી શ્રી હંસદેવાચાર્યજી મહારાજ (હરિદ્વાર), પ.પૂ. પ્રેરણાપીઠાધિશ્વર જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ (પ્રેરણાપીઠ - પીરાણા), શ્રીશ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અલખગીરીજી મહારાજ (કાસોર) તેમજ અન્ય સંતો



ઉપરોક્ત પ્રસંગે શ્રીશ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અલખગીરીજી મહારાજને તેમની ૭૫ મી જન્મજયંતિ (અમૃત મહોત્સવ) પ્રસંગે ફૂલહારથી સન્માન કરતા પૂ. જગદ્‌ગુરુશ્રીઓ, મહામંડલેશ્વરશ્રીઓ, મહંતો, સંતો વગેરે

છૂટક કિંમત રૂા. ૯/- વા.લ. રૂા. ૧૦૦/-

વર્ષ : ૩, અંક : ૧, સળંગ અંક : ૨૫ દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક માર્ચ : ૨૦૧૪

સતપંથ પ્રકાશ





Vishwa Gayatri Mission, Hansdevacharya

વિશ્વ ગા...

સોળમો ...

શ્રી સદ્‌ગુરુ અમૃત મહોત્સવ

શ્રી સર્વ ધર્મ સદ્‌ગુરુ કથા



ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન શ્રીમદ્ જગદ્‌ગુરુ રામાનંદાચાર્ય સ્વામી શ્રી હંસદેવાચાર્યજી મહારાજ (હરિદ્વાર), પ.પૂ. પ્રેરણાપીઠાધિશ્વર જગદ્‌ગુરુ સતુપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ (પ્રેરણાપીઠ - પીરાણા), શ્રીશ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અલખગીરીજી મહારાજ (કાસોર) તેમજ અન્ય સંતો



ઉપરોક્ત પ્રસંગે શ્રીશ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અલખગીરીજી મહારાજને તેમની ૭૫ મી જન્મજયંતિ (અમૃત મહોત્સવ) પ્રસંગે ફૂલહારથી સન્માન કરતા પૂ. જગદ્‌ગુરુશ્રીઓ, મહામંડલેશ્વરશ્રીઓ, મહંતો, સંતો વગેરે

છૂટક કિંમત રૂા. ૯/- વા.લ. રૂા. ૧૦૦/-

Avakhal, Sinor
Satpanth Temple

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવ… : પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

અવાખલ - શિનોર, જી. વડોદરા. (તા. ૧-૨-૨૦૧૪)



ઉપરોક્ત પ્રસંગે સંતોનાં ભવ્ય સ્વાગત શોભાયાત્રા



ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા પૂ. સંતો-મહંતો



ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં ધર્મલાભ લેતા ભાવિક હરિભક્તો



ઉપરોક્ત પ્રસંગે વૈદિક મંત્રોચ્ચારસહ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના સિંહાસનની પ્રાણ પ્રતિષ્ઠા, ત્રિદેવ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ પ્રતિક પ્રાણ પ્રતિષ્ઠા, આદ્યશક્તિ જ્યોત પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ કરી રહ્યા છે.

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ… તિષ્ઠા મહોત્સવ

Bhekhada, Sinor
Satpanth Temple

મુ. ભેખડા. તા. શિનોર, જી. વડોદરા. (તા. ૧-૨-૨૦૧૪)





ઉપરોક્ત પ્રસંગે સંતોનાં ભવ્ય સ્વાગત સામૈયાં



ઉપરોક્ત પ્રસંગે બિરાજમાન પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ,
પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ, પૂ. મહંતશ્રી સોમદાસજી મહારાજ.



ઉપરોક્ત પ્રસંગે વારિયજ્ઞ દ્વારા
વૈદિક મંત્રોચ્ચાર સહ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના
સિંહાસનની પ્રાણ પ્રતિષ્ઠા, ત્રિદેવ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ
પ્રતિક પ્રાણ પ્રતિષ્ઠા, આદ્યશક્તિ જ્યોત પ્રાણ પ્રતિષ્ઠા
પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ કરી રહ્યા છે.



ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં ભાવિક ભક્તજનો

છતાલીસમો શ્રી નિષ્કલંકી નારા ... તિ મંદિર પાટોત્સવ

Nana Angiya Satpanth Temple

નાના અંગીયા, તા. નખત્રાણા (તા. ૪/૫/૬, ફેબ્રુઆરી, ૨૦૧૪)





ઉપરોક્ત પ્રસંગે સંતોની ભવ્ય શોભાયાત્રા





ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં દીપ પ્રાગટ્ય તથા સંતોનાં પૂજન-અર્ચન-સ્વાગત





ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં ધર્મલાભ લેતા ભાવિક હરિભક્તો



ઉપરોક્ત પ્રસંગે રક્તદાન શિબિરમાં રક્તદાન કરતા એક રક્તદાતા

સત્પંથ પ્રકાશ માર્ચ - ૨૦૧૪
વર્ષ : 3, અંક : ૧, સળંગ અંક : ૨૫
:: સત્પંથ પ્રકાશન સમિતિ ::

:: સત્પંથ પ્રકાશ - લવાજમ દર ::

		ભારતમાં		વિદેશમાં
વાર્ષિક	:	૧૦૦=૦૦	:	૭૦૦=૦૦
ત્રિવાર્ષિક	:	૨૫૦=૦૦	:	૧૮૦૦=૦૦
આજીવન	:	૮૫૦=૦૦	:	૪૦૦૦=૦૦
અમર	:	૧૫૦૦=૦૦	:	૭૦૦૦=૦૦

:: પ્રકાશક ::
સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ-૩૮૨૪૨૫. ફેક્સ : ૦૨૭૧૮-૨૮૮૮૭૨
સંપર્ક : ધર્મેન્દ્ર પટેલ - ભુકસ્ટોલ મો. ૯૪૨૭૩૭૧૯૪૦ ફોનઃ ૦૨૭૧૮-૨૮૮૮૧૨

E-mail : prernapith@gmail.com
kkp_pirana@yahoo.com
(Contact : Mob. No. 9909508029)

Website : www.satpanth.org
www.satpanthprakashan.org
www.nishklankinarayan.com

કુરીયર્સ : મારૂતિ કુરીયર્સ, બારેજા
C/o. સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા.
સંપર્ક : ધર્મેન્દ્ર પટેલ - ભુકસ્ટોલ
મો. ૯૪૨૭૩૭૧૯૪૦ ફોનઃ ૦૨૭૧૮-૨૮૮૮૧૨

ડીઝાઈન અને ટાઈપ સેટીંગ : અતુલ એસ. રાણા.

મુદ્રક : સ્મૃતિ ઓફસેટ : બી-૫/૬/૭, રવિ એસ્ટેટ, રૂસ્તમ મિલ કંપાઉન્ડ, ટોરેન્ટો પાવરની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪, ફોન : (૦૭૯) ૨૫૬૩૦૩૭૨/૭૩

મૂળ ક્રમ : વર્ષ : ૨૧, અંક : ૫, સળંગ અંક : ૨૪૫

સંપાદકીય.....

પ્રેરણા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય વિજયેતેતરામ ॥

ખરાબ વિચારોની અસર આપણી અંદર રાક્ષસી વૃત્તિઓને જન્મ આપે છે. મન એ લગામ જેવું છે જે આપણી ઈન્દ્રિયોને પોતાના કાબૂમાં કરી લે છે. જો મનમાં કુવિચારોનો કુસંસ્કારોનો ગંદવાડ હશે તો આપણી ઈન્દ્રિયો પણ ખરાબ માર્ગ તરફ આકર્ષાઈ જશે. જેનું મન પોતાના કાબુમાં હોય છે તેની બધી જ ઈન્દ્રિયો સારથિના સુધરી ગયેલા અને સ્થિર બનેલા ઘોડાની જેમ વશમાં થઈ જાય છે.

જે લોકો વિવેકહીન, કુસંસ્કારી બની હંમેશાં અપવિત્ર વિચારોથી જકડાયેલા છે તેઓ જન્મ-મરણના ચક્રમાં ભટકતા રહીને અસહ્ય વેદના તથા અપાર દુઃખ ભોગવતા રહે છે. પરંતુ જેઓ વિવેકથી પૂર્ણ તથા નિરંતર શુધ્ધ અને પવિત્ર સંસ્કારી વિચારો કરે છે તેઓ પોતાનાં સત્કર્મોના ફળ સ્વરૂપે મોક્ષને પ્રાપ્ત કરે છે. મનુષ્યના મનમાં રહેલા જ્ઞાન-અજ્ઞાન, શુભ-અશુભ વિચારો જ તેનાં બંધન અથવા મોક્ષનું કારણ બને છે.

આપણે હંમેશાં કુવિચારો-કુસંસ્કારોની મલિનતાઓથી ભરેલા આવરણથી આપણા મનની જ્યોતિ ક્યારેય ધીમી ન પડે તેવા પ્રયત્ન કરવા જોઈએ. મનમાં જાગનાર સંકલ્પોના પ્રવાહમાં એક પણ અશુભ કુસંસ્કારી સંકલ્પ આપણા મનમાં ન જાગે તેનો ખ્યાલ રાખવો જોઈએ. વિચારોની આ દિવ્યતા આપણાં કર્મોમાં પરિવર્તન પામે છે અને તેમના જ આધાર પર સમાજ આપણું મૂલ્યાંકન કરે છે. આપણાં કર્મોના આધાર પર જ યશ-અપયશ, માન-અપમાન વગેરે મળતું હોય છે. મનની પવિત્રતા, મનના સંસ્કારો જ આપણા કર્મોને પવિત્ર અને દિવ્ય બનાવી શકે છે.

સંપાદક : શ્રી શામજીભાઈ કે. પટેલ

● ● ●

Satpanth Religious Literature - Sadguru Vachanamrut - Goryaani

સદ્‌ગુરુ વચનામૃ...)

સંકલન : હંસરાજભાઈ ગોવિંદભાઈ

ત્રણ દેવને પૂજોને તમે પાપ ખોજો,
અને ઘટોઘટ છે સ્વામીનાં નૂર.
એમ જાણીને આપે પારખીયે,
જે ઘટમાંહે હરિ છે ભરપૂર.
ભાઈ જે પૂરા હશે તેણી પાસે છે,
અને ગફલતાસું રહે દૂર.
એ સ્વામીના ચરણામૃત લીજીએ,
તહાં ઘટ આપીને પીજીએ નૂર.
કહેત ઈમાશાહ સુણો મુનીવરો,
તમે નિતનિત પીઓ ગત માંહે નૂર.
જો અમી પીએ ને સતે ચાલીએ,
તો કરોડ વિઘ્ન હોવે દૂર.

સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ ભક્તોને કહે છે કે; ત્રણ દેવને પૂજો અને પાપને ખોજો. ઘટોઘટ સ્વામી છે ભરપૂર. સાકાર રીતે જોઈએ તો બ્રહ્મા-વિષ્ણુ-મહાદેવ એ ત્રણ દેવો નિરાકાર રૂપે આપણી આ ઘટકાયામાં બિરાજમાન છે. આપણે આપણા પાપો-ભૂલોને યાદ કરી તેનું પ્રાયશ્ચિત કરી, માફી માગી પરમાત્માને પ્રાર્થના કરો.

પરમાત્મા ઘટોઘટ વ્યાપી રહ્યો છે, તેનું તેજ સર્વત્ર વ્યાપક છે. સર્વ પ્રાણી માત્રમાં અને અણુ અણુએ વ્યાપી રહ્યું છે. માટે કોઈ પણ આત્માને ક્યારેય દુ:ખ થાય તેવું વર્તન કરવું નહીં. - બોલવું નહીં અને ક્યારેય કોઈનું ખોટું પણ ભૂલમાં થઈ ગયું હોય તો તર્ત જ પ્રાયશ્ચિત કરી લેવું. જેથી તરત જ દોષમુક્ત બની શકાય છે. આ રીતે તમે દરેક વાતે પૂરા હશો તો સ્વામી તમારી પાસે જ છે અને જો ગફલતમાં રહેશો - ભૂલ કરશો તો સ્વામી દૂર છે એટલે કે પરમાત્માથી તમે દૂર થઈ જશો અને જે હેતુથી પરમાત્માએ તમોને જન્મ આપ્યો છે તે સિધ્ધ થઈ શકાશે નહીં.

માટે નિત્ય સ્વામીના ચરણામૃત લીજીએ ગતગંગામાં નિત્ય નૂર પીએ તો પરમાત્માની નજીક જઈ શકાશે. આ રીતના ઉપદેશ પાલનથી આપણા કરોડો વિઘ્નો દૂર થઈ પ્રભુ પ્રાપ્તિનો રસ્તો સરળ બની જશે માટે સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજના સંબધનો મારા ભાઈ-મારા મુનિવરો - મારા ઋષિવરો આવાં આવાં હેતભર્યા પ્રેમાળ ભાવથી આપણને આપેલા ઉપદેશનો અમલ કરીએ - ગ્રહણ કરીએ અને આચરણમાં મૂકીએ તો તેનો ઉપદેશ લેખે લાગશે અને આપણું જીવન ધન્ય બની ભવસાગર તરી જવાશે. ●●●

નમ્ર નિવેદન

આનંદસહ સહર્ષ જણાવવાનું કે પ્રેરણાપીઠ - પીરાણાના પાવન તીર્થ સ્થાનકે શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજી અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપાથી, પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદ સહ પ્રેરીત નવનિર્મિત શ્રી નિષ્કલંકી નારાયણ સત્સંગ હોલ એવં શ્રી અન્નપૂર્ણા ભવનનો ઉદ્‌ઘાટન સમારોહ સં. ૨૦૭૦, ચૈત્ર સુદ-૧, તા. ૩૧-૩-૨૦૧૪, સોમવારના શુભ દિને નિશ્ચિત કરેલ છે. આ શુભ પ્રસંગે પંચકુંડી વૈદિક વિષ્ણુયાગ મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવેલ છે. તો વૈદિક વિષ્ણુયાગ મહાયજ્ઞમાં યજમાન તરીકે ઈચ્છુક ભાવિક હરિભક્તોએ વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા વિનંતી છે.

મુખ્ય એક વિષ્ણુયાગ મહાયજ્ઞના યજમાન માટે : રૂા. ૧,૫૧,૦૦૦/-

સહયોગી સોળ વિષ્ણુયાગ મહાયજ્ઞના યજમાન માટે
એક યજમાન દીઠ : રૂા. ૧,૧૧,૦૦૦/-

યજમાન માટે નામ નોંધાવવા સંપર્ક :

શ્રી ભરતભાઈ વી. પટેલ (નવસારી) મો. ૯૮૨૪૦ ૫૪૮૮૧

સદ્‌ગુરુનો દિવ્ય સંદેશ

પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ, પ્રેરણાપીઠ - પીરાણા.

જ્યાં લગી દ્વૈતનું માન નવ ટળીયે,
ત્યાં લગી જીવન મોક્ષ નવ મળીએ. (૧)
જ્યારે દ્વૈતનો આવે અંત,
ત્યારે અંતરમાં દિસે ભગવંત (૨)
અંતર દર્શને અજ્ઞાન જ ટળીએ,
નહિ તો મોહ માયામાં ફરતા રહીએ (૩)
સ્મરણ એક ગોરનરનું કરીએ,
એક જ ભાવે નિરંતર ભણીએ (૪)
સર્વ સૃષ્ટિમાં એક આત્મા જોયે,
આપે અંતર અવલૌકીક સોયે (૫)
તું હી સાચા સાહેબ હો...
અંતર ગત ઊલટી કલા, સાધન ન જાણે કોય
કૃપા થાય જો સદ્‌ગુરુ તણી, તો તત્ક્ષણ દર્શન હોય..

જ્યાં સુધી દ્વૈતવાદ હોય, આ મારું આ તારું હોય એટલે અહમ્ આવે. જ્યાં સુધી જુદાઈ અથવા અલગતા નહિ છોડીએ ત્યાં સુધી મુક્તિ નહિ મળે. આત્મા શરીરમાં છે અને પરમાત્મા પણ આપણા શરીરમાં છે. આ આત્મા અને પરમાત્માનું મિલન થવાથી મોક્ષ થાય છે. જ્યાં સુધી જુદાઈ છે ત્યાં સુધી મુક્તિ નથી. જેમ એક લાકડીનો ભારો ભેગો હોય તો ભાંગી ન શકાય. પણ જો દરેક લાકડી જુદી જુદી કરીએ તો ભાંગી શકાય. જ્યાં સુધી એકતા છે, અદ્વૈત છે ત્યાં જ સંપ છે, સહકાર છે. જુદા થવાથી નુકશાન છે. દ્વૈત એ જુદાઈ છે. જ્યારે દ્વૈતનો અંત આવે છે એકતા થાય છે, ત્યારે અંદરનાં દર્શન થાય છે. કુંડળી યાત્રા આગળ વધે છે અનુભવો થતા જાય છે અને અંદર જ્યોતના અને જાત જાતનાં દર્શન થાય છે. આગળ સૂર્યમંડળ અને ચંદ્ર મંડળનાં દર્શન થાય છે એમ અનુભવી જ્ઞાની લોકો કહે છે અને જ્યારે આવાં અંદરના દર્શન થાય તે જ સાચાં દર્શન છે. બહારથી મૂર્તિના દર્શનથી કોઈ ફાયદો નથી. જો બહારના દર્શન કરીશું તો મોહ અને માયા મમતામાં ફરતા રહીશું. મોહ વડે જ કૌરવોનું પતન થયું હતું. ધૃતરાષ્ટ્રને પોતાના પુત્રનો મોહ હતો. દૂર્યોધનને રાજ્યનો મોહ હતો. અત્યારે લોકોને પુત્રેષણા, વિત્રેષણા એવી અનેક ઈચ્છાઓ અને મોહના બંધનમાં જકડાઈ આ લખચોરાસીમાં ફરતા ફરીએ છીએ આ મોહ માયા જ્યારે અંદરનાં દર્શન થશે ત્યારે દૂર થશે.

સદ્‌ગોર કહે છે; સ્મરણ એક ગોર અને નરનું કરીએ અને આજ સ્મરણ કરતાં કરતાં એક જ ભાવે નિરંતર સ્મરણ કરતાં મોક્ષ પદ પામવાનું છે. હવે ગોરનર એટલે શું? ગોર એ બ્રહ્માને કહે છે અને નર એ વિષ્ણુને કહે છે. તો બ્રહ્મા અને વિષ્ણુનું સ્મરણ કરવાનું સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે અને બીજા ગોરનર આપણા શરીરમાં છે. જે શ્વાસ અને ઉચ્છવાસ ચાલે છે તે ગોર અને નર છે દરેક શ્વાસે અને ઉચ્છવાસે ધ્યાન રાખવાનું છે. શ્વાસમાં ધ્યાન રાખવાથી જલદી મન કાબુમાં આવે છે. માટે ગોર નરનું એટલે શ્વાસે શ્વાસે ધ્યાન ધરો અને દરેક શ્વાસે ગુરુએ આપેલા મંત્રનું રટણ કરો અને આખી સૃષ્ટિમાં એક જ આત્મા છે. એક જ પરમાત્મા છે એવો ભાવ કરો. દરેક જીવમાં પોતાનો આત્મા જુઓ, આખી સૃષ્ટિમાં અણુએ અણુમાં કણકણમાં ભગવાનનો વાસ છે. જ્યાં આપણા આત્મા અને ભગવાન વચ્ચે અંતર નથી તો દરેક જગાએ આપણો જ વાસ છે એમ કહેવાય. સકળ સૃષ્ટિમાં એક જ આત્મા જુવો.

તમે જ સાચા સાહેબ છો.

અંદરની કળા ઊલટી છે. પણ તેની સાધનાની સામાન્યજનને ખબર નથી. જેમ કે યાત્રા

ઉપરથી મસ્તકથી શરૂ નથી થતી પણ નીચેથી યાત્રા શરૂ થાય છે. પ્રથમ કુંડળી જાગે છે પછી મુળાધાર ચક્રમાં કુંડળી ઉપર તરફ જાય છે. આગળ જતાં સ્વાધિષ્ઠાન, મણીપુર, અનાહત, વિશુધ્ધ અને આજ્ઞા ચક્રમાં જાય છે આગળ ભ્રમર ગુફા આવે છે. પછી સહસ્ત્રાધારમાં જાય છે, તેમાં એક નીલ બિંદુ છે તેનાં દર્શન થાય છે. આ યાત્રા ઊલટી છે. કારણકે નીચેથી થાય છે. જો ગુરુની અને સદ્‌ગુરુની કૃપા થાય તો આ યાત્ર ઘણી જ સહેલી થઈ જાય, ઝડપી પ્રગતિ થાય અને તત્ક્ષણ દર્શન થઈ જાય છે માટે હંમેશાં ગુરુની આજ્ઞામાં રહેવું જોઈએ. ગુરુની સેવા, સત્સંગ કરવાં જોઈએ. સેવા, સત્સંગ અને સ્મરણ આ ઉપર જવાની ચાવી છે. ●●●

એવી અખંડ જ્યોતિ....

- બાબુભાઈ જે. પટેલ, દેલવાડાકંપા.

એવી અખંડ જ્યોતિ હરિના ધામમાં,
એના તેજ તણો નહીં પાર રે....એવી.
એવા ચંદનવીર હજુર બિરાજમાન રે,
કરવા દુ:ખીજનોનાં કામ રે....એવી.
એવા નગીના ગોમટીએ કાંટો બંધાશે રે,
તોળાશે પાપ ને ધરમ રે....એવી.
એવા સાહેબ મારા તખ્તે બિરાજતા રે,
લેવા તલ તલના હિસાબ રે....એવી.
એવી ધોળી રે ધજાનાં નિશાન ફરૂકતાં,
ઝળહળ ઝબકે જ્યોતિ રે....એવી.
એવા દાન દશાંદ સોહમ શબ્દથી રે,
ભવસાગર તરાય રે....એવી.
એવાં પ્રગટ ગંગાજી તીયાં ઉમટે રે,
અડધા ગંગવાની માંય,
અડધા ગુરુચરણની માંય રે....એવી.
આ મહામંત્ર જપી લો પ્રેમથી રે,
લક્ષ ચોર્યાસી ફેરા ટળી જાય રે....એવી.
આ દાસની વિનંતી વાલા સાંભળજો રે,
દેજો મહાદનમાં દર્શન રે....એવી.

●●●

સદ્‌ગુરુ ઉપદેશ

- અંબાલાલ પી. પટેલ, લક્ષ્મીપુરાકંપા - બાયડ.

સદ્‌ગોર કહે રે રવિ ઊગે અજવાળાં થાય,
અને રહેણી તે હોએ દૂર રે.
નવખંડ માંહે દેવ પ્રકાશીયા, જેમ પ્રભાતે ઊગ્યા સૂર રે...

સદ્‌ગોર આપણને કહે છે કે; આખી રાતના અંધારાં પછી સવારે જયારે સૂર્ય ઊગે છે ત્યારે રાત્રીનો અંત આવે છે અને દિવસની શરૂઆત થાય છે અને સૂર્યનો પ્રકાશ કેટલો બધો તેજસ્વી, સંપૂર્ણ, સર્વત્ર કે દરેક જગ્યાએ પ્રકાશ હોય છે રાત્રે કોઈ બલ્બ ચાલુ કરીએ તો ઘરના ફક્ત એક જ ખંડમાં પ્રકાશ થાય છે તે પણ સંપૂર્ણ સૂર્ય પ્રકાશ જેવો નહીં જ. તેમ આપણે ભક્તિ કરીએ તો આપણા શરીરમાં ભગવાન હોય તો છે જ, પણ આપણને જે અનુભવ નથી થતો તે અનુભવ થાય છે તે પણ કેટલો કે સૂર્ય જેમ આખી પૃથ્વીને પ્રકાશીત કરે તેમ આપણા આખા શરીરમાં દેવનો પ્રકાશ થાય છે. અનુભવીઓની વાતો પ્રમાણે ધ્યાનમાં બેસીએ એટલે મૂળાધાર, સ્વાધિષ્ઠાન વગેરે ચક્રો છેદાતા જાય પછી નાદ સંભળાય, એનાથી આગળ વધતાં પ્રકાશ દેખાય, સુરીલી ધૂન સંભળાય અને પ્રકાશ તે આત્માનો પ્રકાશ કાયમ રાત દિવસ-છએ ઋતુ અને બારે માસ દેખાય છે. જે પ્રકાશનો નાશ થતો નથી. આ પ્રકાશ નવે ખંડમાં એટલે તેનું ચેતન આખા શરીરમાં દેખાય છે. કોને દેખાય? જેણે ભક્તિ કરી હોય તેને દેખાય. ખાલી વાતો કરવાવાળા કે લેખ લખવાવાળાને ન પણ દેખાય.

"તું કેહતા હૈ કાગજ લેખી,
મૈં કહતા હું આંખે દેખી."

એટલે બીજાની લખેલી કે વાંચેલી, સાંભળેલી વાતો લખવા કરતાં પોતાના અનુભવની વાતો આંખે દેખેલી વાતો લખવી જોઈએ.

●●●

...શાહ મહારાજ રચિત

...વત્ દશાવતાર"

(...લ્પનો પ્રારંભ)

શ્રી મત્સ્ય અવતાર

(ગતાંકથી ચાલુ..)

જે શ્રી વિષ્ણુ ભગવાને ભૂતળ અને અતળની વચનમાં રહીને શંખાસુર નામના દૈત્યનો નાશ કરીને વેદોનો ઉધ્ધાર કર્યો હતો, તેવા મત્સ્ય રૂપને હું નમસ્કાર કરું છું.

પ્રથમ નામ તો ૐ ઑમ, ઉનાદ, અવિગત્ય, અહેદ, હવ, કવ, તત્ત્વ, ધર્મ, તેજ, કેવલિક, નાદ, ઓત્રા, હરિતક્ત, પુરુરવા, અતિતવંશી, પ્રેમઋષિના અંશ તો શ્રી મચ્છ અવતારનો પ્રારંભ થયો.

સર્વ પ્રથમ સૃષ્ટિમાં નીલવર્ણ ધંધુ:કાર સર્વ વાતાવરણ વ્યાપ્ત થયેલાં હતાં. ફક્ત એકમેવ નિરંજન નિરાકાર વિશ્વાધાર નારાયણ આદિ અંત રહિત સ્વસ્વરૂપે ભગવાન નિર્ગુણ નિરાકાર સ્વયં જ્યોતિ સ્વરૂપે સ્થિત હતા. એ નારાયણે પોતાના અંશભૂત તેજથી બ્રહ્મદેવને સંકલ્પ માત્રથી સૃષ્ટિ નિર્માણ કરવા કહ્યું. નારાયણે વિચાર કરીને બ્રહ્માને જે શબ્દથી મંત્રોપદેશ કર્યો તે શબ્દ ૐ હોય. 'અ' કાર, 'અ' કાર, 'ઉ' કાર, 'મ' કાર. આ રજ, સત્ત, તમસ ત્રિગુણના ત્રણ કલાત્મક શબ્દની રચના કરીને નારાયણે એમને ઉપદેશ કર્યા પછી બ્રહ્માને તે પ્રણવ મંત્રનો ઉચ્ચાર કરીને અનંત કળા પ્રકાશિત કર્યા.

બ્રહ્માએ સાગર કિનારે ધીરગંભીર થઈને ધ્યાન કરીને બ્રહ્મતત્ત્વનું ચિંતન કર્યું. તથા વેદનું નિર્માણ કર્યું. પછી આદ્ય નારાયણે બ્રહ્મદેવને જીવસૃષ્ટિની રચના કરવાની આજ્ઞા કરવાથી તે આજ્ઞા શિરોમાન્ય માનીને ચાર ખાણની રચના કરવાનો વિચાર કરીને નારાયણે આ ચારેય ખાણીમાંથી જીવ પ્રાણીમાત્રનો ઉધ્ધાર કરવા વિશે વિનંતી કરી. નારાયણે અભય વચન આપી કહ્યું કે; હું જે જે કોઈ રૂપ ધારણ કરીને મૃત્યુલોકમાં આવીશ તેની ભક્તિ કરનારા જીવો મુક્ત થશે. પછી બ્રહ્મદેવે યુગસૃષ્ટિની તથા પ્રાણી સૃષ્ટિની રચના કરવાની શરૂઆત કરી.

જ્યારે પ્રાણી જ સૃષ્ટિ ઉત્પન્ન થવાનો સંકલ્પ આદ્યનારાયણ પાસેથી બ્રહ્મદેવે કર્યો તે વખતે સંકલ્પ માત્રથી બ્રહ્મદેવ થકી શ્વેદજ, અંડજ, ઉદ્‌બીજ, જરાયુજ આ ચાર ખાણીમાં દરેક એકવીસ એકવીસ લક્ષ જીવયોનીનું નિર્માણ થયું. એમના પુણ્ય પાપમય કર્મ પ્રમાણે સદ્‌ગતિ તથા અધોગતિ થઈને ગતિચક્રની શરૂઆત થઈ.

એકવાર બ્રહ્મદેવના ક્રોધ રૂપે સંકલ્પથી એક માનસપુત્ર નિર્માણ થયો, એનું નામ 'શંખવો' હતું. એ ઉપજતાં જ એના અવિવેકી આચાર - વિચાર, વ્યવહાર અને મનસ્વી ક્ષોભ ઉત્પન્ન કરનારા ચાળા જોઈને બ્રહ્મદેવે એમનું ભવિષ્ય જોયું, તો એમાંથી ખબર પડી કે, આ પોતાના પુત્રથી પોતાનાં આગળ કાર્યનાશ થશે. બ્રહ્મદેવે એને એકાંતમાં બોલાવીને કહ્યું કે: 'હે બાળક ! તું મારો પ્રિય બાળક છે એટલે હું તને તારા હિતની વાત કરું છું. તું તારા મનની બધુ ઉચ્છૃંખલ વૃત્તિઓ છોડી લઈને મન શાંત તથા સ્થિર એકાગ્ર કરીને સર્વ સમર્થ બળવાન એવા પરબ્રહ્મ નારાયણની નિશ્ચલ મનથી ભક્તિ કર. આમાં જ તારું સાર્થક છે.'

પિતાના વચન માન્ય કરીને શંખાસુરે હિમાલયમાં જઈને એકાંતવાસ લીધો. જ્યાં મન પ્રસન્ન તથા શાંત રહીને એકાગ્ર કરી શકાય એવી ગિરીકંદરાની જગ્યા શોધીને નિર્વિકાર મનથી સર્વ

 [illegible] તથા ભગવાન નારાયણની મનોભાવથી પૂજા અર્ચના કરી તપ કરવા લાગ્યો. આખી રાત તથા સવા પ્રહર દિવસ ઉપર થયા સુધી અતિશય કઠોર એવી તપ:સાધના એ નિત્ય નિયમથી કરવા લાગ્યો.

જે વખતે નારાયણે 'બહુસ્યાં પ્રજાયેય' આપણે અનેક રૂપથી પ્રગટ થઈશે, એવો સંકલ્પ કરીને પોતાની યોગમાયાથી (સચ્ચિદશક્તિનો) વિસ્તાર કરવાનો વિચાર કર્યો, ત્યારે જે ચૈતન્યપ્રવાહ નિર્માણ થયો, તેમાંથી બ્રહ્મ (પ્રણવ) તથા માયા નિર્માણ થઈને અને ત્યાંથી રજ - સત્વ- તામસ ત્રિગુણમયી પ્રકૃતિ નિર્માણ થઈ. આ રીતે આદ્યનારાયણે પોતાના કેવળ એક નિમષાર્ધાત આ ચાર મૂર્તિ પ્રગટ કરી. સત્વ, રજ, તમ ના અનુક્રમે વિષ્ણુ, બ્રહ્મા, તથા મહેશ એમ પ્રકૃતિની નિર્માણ કરી, ચોથી આદ્યશક્તિ અથવા યોગમાયાની પ્રકૃતિનું સર્જન કર્યું. પછી યોગમાયાએ પણ પોતાના ત્રણ ગુણોથી પર રહીને ચોથા અંશે સ્વતંત્ર રહી એમાંથી રજોગુણને અધિષ્ઠિત એવી શક્તિ સાવિત્રી રજોગુણી બ્રહ્માને, સત્વગુણને અધિષ્ઠિત એવી શક્તિ લક્ષ્મી સત્વગુણી વિષ્ણુને, તમોગુણને અધિષ્ઠિત એવી શક્તિ પાર્વતી તમોગુણી મહેશને આપી. ત્યારબાદ તેમાંથી પંચમહાભૂતાદિક અવિદ્યા લિંગદેહાત્મક નિર્માણ થઈને જીવસૃષ્ટિનું નિર્માણ કર્યું.

પ્રાણીજ સૃષ્ટિ નિર્માણ વખતે યોગમાયાએ સૃષ્ટિચક્ર વ્યવસ્થિત ચલાવવા માટે ત્રણેય પ્રકૃતિ જોડે ત્રણ કાર્યોનું વિભાજન કર્યું. એ જ પ્રમાણે આ ત્રિગુણીનું મહત્વનું કાર્ય પણ અલગ છે. રજોગુણી બ્રહ્માએ ૐ પ્રણવ બ્રહ્મસ્વરૂપી હોવાથી મનુષ્યપ્રાણીને આત્મજ્ઞાનનો ઉપદેશ કરીને મોક્ષમાર્ગ સુધી લઈ જવું. સત્વગુણી વિષ્ણુ અક્ષર સ્વરૂપી હોવાથી આત્મજ્ઞાન મેળવીને સન્માર્ગથી વર્તનારા તથા મોક્ષપદ પ્રાપ્ત કરવા ઈચ્છતા જીવાત્માનું પાલનપોષણ કરવું તથા તમોગુણી મહેશ્વર મહત્તત્વ સ્વરૂપી હોવાથી કર્મભક્તિ જ્ઞાનોત્તર આવનાર અહંકારનો સંહાર કરવો. આ ત્રણ કાર્યો પ્રમાણે આ ત્રિગુણાત્મક પ્રકૃતિના ગુણ જુદા છે. આ રીતે સૃષ્ટિચક્રનું જ્ઞાન શંખાસુરે જાણી લીધું.

પછી વિચાર કરીને એણે પોતાનું પણ આ સૃષ્ટિમાં સ્થાન હોય એ ઉદ્દેશથી પ્રેરીત થઈને તપશ્ચર્યા શરૂ કરી. અંતજ્ઞાનથી નારાયણને જાણીને એણે પોતાના સંકલ્પથી નારાયણને નિવેદન કરીને નારાયણને પણ એના પોતાના સૃષ્ટિચક્રના વિસ્તારના કાર્યમાં યોગ્ય ઉપયોગ કરવા માટે સ્થાન માગ્યું.

●●●

(વધુ આવતા અંકે...)

સદ્‌ગુરુવાણી

Satpanth Religious Literature - Sadguru Vaani

કરી લેવો કરણી હંસ પરૂણલા, રખે પસ્તાવો
વણજને આવીયા કરો હો પઠંતરો, હંસ જૈસા ઘ
રતન કાચના વેહેરા ભાઈ, હંસ રતન નીવેડા.
પીંડ પોખતા જે નર ગહેલા, આવાગમનના સંગાતી.
જીવને કારણ જે જીવ લુઝે, અમરપદ તેહુંને પાયા.
અમર મુનિવર તેહુંને કહીએ, સારો જીવ સંતોષી.
થોડે કે કારન ઝગડા ઝગડો, હંસ રતન કેમ છુટે.
હંસ બીછુડતા મીલના નહીં, દૂર પયા ના જાણો.
ઉત્તમ કરણી અપને ગુરુજીસુ કીજે, વૈકુંઠ માહે હોઈ વધાઈ.
કહેત ઈમામશાહ સુણો મોરાભાઈ, સત્‌ગુરુ સોહી બેલી.

●●●

સમસ્ત રાણા સમાજ આયોજીત દ્વિતીય સમૂહ લગ્નોત્સવ

શ્રી બાલાશાહ મહારાજ મંદિર - ખંભાત. (તા. ૧૯-૧-૨૦૧૪)

- અતુલ એસ. રાણા, ખંભાત.

સં. ૨૦૭૦, પોષ વદ-૩, રવિવાર, તા. ૧૯-૧-૨૦૧૪ના શુભ દિને ખંભાત તીર્થધામમાં શ્રી બાલાશાહ મહારાજ મંદિરની પાવનભૂમિમાં પધારેલ સંતો-મહંતોના સાનિધ્યમાં આશીર્વાદ સહ સમસ્ત રાણા સમાજના દ્વિતિય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાર યુગલોએ પોતાના સાંસારિક જીવનપથ પર વિચરવા પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં.

આ પ્રસંગે પધારેલ પ.પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અલખગીરીજી મહારાજ (કાસોર), પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ(કુકસ), પૂ. સંતશ્રી પ્રેમદાસબાપુ (પંચવટી-અમેરિકા), પૂ. મુખી મહારાજ શ્રી નારણબાપા (પ્રેરણાપીઠ), શ્રી જસુભાઈ કે. પટેલ (વિઠ્ઠલપુરાલાટ), ડૉ. શ્રી ઠાકોરભાઈ રાણા, શ્રી વિનોદભાઈ પી. પટેલ વગેરે સંતો મહાનુભાવોએ સંતશ્રી બાલાશાહ મહારાજના ભાવથી દર્શન-પૂજન કર્યા હતાં. ત્યારબાદ સભામંડપમાં દીપ પ્રાગટ્ય કરી મંચસ્થ આસન ગ્રહણ કર્યાં. બાદમાં સર્વ સંતોના ચંદન-તિલક-પુષ્પહારથી સ્વાગત-પૂજન તથા શાલની સન્માન કરવામાં આવ્યાં. ખંભાતની બાલિકાઓ દ્વારા "પધારો મોંઘેરા મહેમાન.." હૃદયસ્પર્શી સ્વાગત ગીતથી સ્વાગત કરવામાં આવ્યું.

આ પ્રસંગે સૌ સંતો તથા લગ્ન પ્રસંગે પધારેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત સત્પંથ રાણા સમાજના અગ્રણીય દાનવીર શેઠ ડૉ. શ્રી ઠાકોરભાઈ રાણાએ કરતાં કહ્યું કે; આજના દિવ્ય લગ્નોત્સવમાં સમસ્ત ખંભાત રાણા સમાજના આમંત્રણને માન આપી પધારેલ સંતોનું, દાતાઓનું, વરકન્યાના વાલીઓનું, સમાજના પ્રમુખશ્રીઓનું, લગ્ન આયોજન સમિતિના સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત છે.

સમુહ લગ્નથી વ્યક્તિ ખોટા ખર્ચથી બચી જાય છે. દેખાદેખીથી પ્રસંગો કરવા પડે, દેવુ થાય અને વ્યક્તિ પાયમાલ થઈ જાય તેથી સમુહલગ્નો યોજવાનો વિચાર આવ્યો. આજે સમાજે સંપ-સંગઠન-સહકાર-સદ્ભાવનાથી આ પ્રસંગ સમુહમાં યોજ્યો છે તે જોઈ આનંદ થાય છે. સમુહલગ્નમાં જોડાનાર નવયુગલો અને તેમનાં મા-બાપને ધન્યવાદ છે. સમાજ આગેવાનોએ ચિંતન કરી આયોજન કર્યું છે. સમાજ પાસે યુવાનોની ટીમવર્ક પણ મજબૂત છે. કોઈપણ કાર્યનું આયોજન થાય તરત તે કાર્યને ઉપાડી લે છે. સમાજમાં કુટેવો-કુસંસ્કારો ન આવે તેનું ખાસ ધ્યાન રાખવાનું છે.

આ પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ (પ્રેરણાપીઠ - પીરાણા), પૂ. મહંતશ્રી સોમદાસજી મહારાજ (દિવાળીપુરા), પૂ. પંડીતશ્રી છગનબાપા (વડોદરા)એ નવદંપતીઓને મોકલેલ આશીર્વાદ સંદેશા વંચાણમાં લેવામાં આવ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવો તથા સંતો-મહંતોએ નવદંપતિઓને આશીર્વચન પાઠવતાં **શ્રી જશુભાઈ (વિઠલપુરાલાટ)** એ કહ્યું કે; આજનો પ્રસંગ સંતશ્રી બાલાશાહ મહારાજની પાનવ તપોભૂમિમાં સંતોના સાનિધ્યમાં યોજાઈ રહ્યો છે. આનંદની વાત છે. આનો યશ મહંતશ્રી શીવરામદાસજી મહારાજને છે કે તેમણે સમસ્ત રાણા સમાજને સંગઠીત કરવા સંસ્કારનું બીજ વાવ્યું છે. આજના મોંઘવારીના સમયમાં આવા સમુહ લગ્નોથી નાણાં અને સમયનો ખૂબ જ બચાવ થાય છે. લગ્ન ગ્રંથીથી જોડાયેલાં નવદંપતીનું જીવન સંતોના આશીર્વાદથી સંસ્કારમય, ધર્મમય બની રહે. લગ્નવિધિ પણ સોળ સંસ્કાર પૈકી એક છે.

પૂ. શ્રી નારણબાપા (પ્રેરણાપીઠ-પીરાણા)એ કહ્યું કે; લગ્નગ્રંથીથી જોડાયા પછી આપણું સાંસ્કારિક જીવન પવિત્ર અને ધર્મમય રહેવું જોઈએ. સંસારમાં રહી ધર્મનું આપણે રક્ષણ કરીશું તો ધર્મ આપણું રક્ષણ કરશે. આપણે ધર્મને ધારણ કરવાનો છે. સૌ નંવદંપતીઓ, આપનું જીવન સુખમય, શાંતિમય, નિરામય રહે. સાંસારિક જીવન પ્રગતિમય બને.

પૂ. સંતશ્રી પ્રેમદાસબાપુ (પંચવટી -અમેરિકા)એ તેમની વાણીમાં આશીર્વચન પાઠવતાં કહ્યું કે; ભારતમાં સંસ્કારો સારા છે, અમેરિકામાં નથી. આવતી પેઢીમાં સંતો દ્વારા સંસ્કારનું સિંચન થશે. બાળકોને સારા સંસ્કાર આપીએ. આગળની પેઢી સંસ્કારી બની રહે. વરકન્યા

તેમના જીવનમાં સુખી રહે, સંસ્કારી બને, તેમનાં બાળકોમાં સંસ્કારનું સિંચન કરે.

પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ (કુકસ)એ તેમની વાણીમાં આશીર્વાદસહ જણાવ્યું કે; આવી પવિત્રધરામાં જેમનાં લગ્ન યોજાતાહોય તે ભાગ્યશાળી છે. તેમને સંતોના આશીર્વાદ મળે છે. સમુહ લગ્ન ખભેખભા મિલાવી એકતાથી ઉજવાઈ રહ્યાં છે. રાણા સમાજમાં કાયમ આવો જ પ્રેમ-ભાવ જળવાઈ રહે. નવયુગલોને આશીર્વાદ કે આપનું જીવન સદા મંગલમય, સુખમય, આનંદમય, પ્રગતિમય રહે. ધર્મ અને સંસ્કારોને ન ભૂલતાં, મા-બાપની સેવા કરજો.

રાણા સમાજ સંગઠીત બની વિકાસ કરે. સમાજમાં એકતા જળવાઈ રહે. યુવાનો જાગૃત થાય, યુવાનો ખભેખભા મિલાવી આગળ આવશે ત્યારે સમાજ અને ધર્મનો ઉધ્ધાર થશે.

પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી અલખગીરીજી મહારાજ (કાસોર) એ તેમની દિવ્યવાણીમાં કહ્યું કે; સમુહલગ્નનો પ્રસંગ જોઈ આનંદ થાય છે. સોળ સંસ્કાર પૈકીના એક લગ્નસંસ્કાર નવયુગલો પરમાત્માને સાથે રાખી આજે ધારણ કરશે. સૌ નવયુગલો અત્રિ અને અનુસયા જેવું જીવન વિતાવો. ધર્મના સંસ્કાર સાથે રાખી સાંસારિક જીવનમાં પ્રગતિ કરો. આપ સૌ નવદંપતીઓનું મંગલ થાય.

સમુહ લગ્નનો પ્રસંગ કોઈ એકથી ન ઉજવાય. શ્રી ઠાકોરભાઈ જેવા શ્રેષ્ઠી સમાજને જાગૃત કરી, સંગઠીત કરી સમાજની સેવા કરે છે. પચીસ વર્ષ અર્થ પ્રાપ્ત કરવો, પચીસ વર્ષ સમાજ અને ધર્મની સેવા કરવી. ધર્મ રક્ષા -રાષ્ટ્ર રક્ષા - ગૌ રક્ષા કરીએ, બેટી બચાવોનો સંકલ્પ કરીએ. જીવનમાં ત્રણ દીકરા હોવા જોઈએ. એક દીકરો ધર્મને અર્પણ કરો, એક દીકરો રાષ્ટ્ર રક્ષા માટે અર્પણ કરો, એક દીકરો ઘર અને સમાજ માટે રહે. અમે બે અમારું એક આ સરકારી સૂત્ર આપણને મંજુર નથી. આજે ધર્મના રક્ષણની જરૂર છે, દેશના રક્ષણની જરુર છે.

તમારા બાળકોને સંસ્કારી બનાવવાં હોય તો ગર્ભના સંસ્કાર આપજો, પારણાના સંસ્કાર આપજો. બાળકો સંસ્કાર અને સંસ્કૃતિ સાથે જોડાશે તો પરિવાર, સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ થશે. આવતી પેઢી સંસ્કારી બને અને જગતને પ્રેરણા આપે. યુવાનો પણ સંતોના શરણમાં રહે તો સંસ્કાર સાથે જ્ઞાન આવશે અને આપણું જીવન કલ્યાણમય બનશે.

છેલ્લે આભારવિધિ **શ્રી અતુલભાઈ રાણાએ** કરતાં કહ્યું કે; આ પ્રસંગે સમસ્ત રાણાસમાજના આમંત્રણને માન આપી આ સમુહ લગ્ન પ્રસંગ શોભાવનાર સંતો-મહંતોનો ખૂબખૂબ આભાર, દાન-દાતાઓનો આભાર, તન-મન-ધનથી સેવા આપી છે તેવા અમારા વડીલ શ્રી ઠાકોરભાઈનો વિશેષ આભાર, નામી-અનામી, સહયોગ આપનારનો આભાર, વિવિધ વિભાગોમાં સેવા-સહયોગ આપનાર કન્વીનરો તેમજ શોભા વધારનાર સૌનો આભાર. સમુહલગ્નોમાં જોડાયેલાં નવદંપતીઓ તથા તેમના માતા-પિતાનો આભાર.

અંતમાં નવદંપતીઓને દાતાશ્રીઓ તથા સંતોના વરદ્ હસ્તે આશીર્વાદ સહ કન્યાદાન કીટ અર્પણ કરવામાં આવી ત્યારબાદ સૌ સમુહ ભોજન લઈ છુટા પડ્યા હતા. આ પ્રસંગનું સુચારુ સંચાલન શ્રી રાજુભાઈ રાણા તથા શ્રી અતુલભાઈ રાણાએ કર્યું હતું જે પ્રશંસનીય હતું. ●●●

અભિનંદન



કુ. રાજવી પોકાર

ધોરણ ૯ - મોડાસા

અત્રેની શ્રી વસંતકુમાર ડાહ્યાભાઈ તથા ચંદનબેનની સુપુત્રી કુ. રાજવીએ કે.એન.શાહ હાઈસ્કૂલ, મોડાસા વતી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ના રોજ બાળ વિજ્ઞાન પરિષદમાં ભોપાલ ખાતે યોજાયેલ સ્પર્ધામાં રાષ્ટ્રકક્ષાએ ભાગ લીધેલ, તેમાં તેને વિષય 'ઊર્જા અને સમાજ' પર ખૂબ સારી સિધ્ધિ મેળવી છે. ઊર્જા મંત્રી ડો. યશપાલસિંહના વરદ્ હસ્તે ગોલ્ડ મેડલ તેમજ શિલ્ડ મેળવી પોકાર પરિવાર તેમજ મોડાસા સમાજ અને ખિલોડીયાકંપા સત્પંથ સમાજનું ગૌરવ વધારેલ છે. ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભકામના સાથે ખૂબ ખૂબ અભિનંદન. ●●●

સંપર્ક : ૯૪૦૯૦૪૭૯૮૮

Rana Samaj

સમસ્ત રાણા સમાજ આયોજીત દ્વિતિય સમુહ લગ્નોત્સવ

શ્રી બાલાશાહ મહારાજ મંદિર - ખંભાત (તા. ૧૯-૧-૨૦૧૪)





ઉપરોક્ત સમુહલગ્ન પ્રસંગે સંતોનાં સ્વાગત તેમજ સભામંડપમાં દીપ પ્રાગટ્ય



ઉપરોક્ત સમુહલગ્ન પ્રસંગે મંચસ્થ બિરાજમાન સંતો-મહંતો તથા મહાનુભાવો





ઉપરોક્ત સમુહલગ્ન પ્રસંગે સભામંડપમાં બિરાજમાન ભાઈઓ - તથા બહેનો





ઉપરોક્ત સમુહલગ્ન પ્રસંગે વર-કન્યાઓને દાતાઓ તરફથી મળેલ કીટ આશીર્વાદસહ અર્પણ કરતા સંતો-મહંતો-મહાનુભાવો

Registered under RNI No. GUJ - GUJ - 2012/42296. Dt. 18/05/2012.
Registered Under Postal Registration No. GAMC - 1830-2012-2014 By S.S.P. Ahmedabad City DN
Valid up to 31st December 2014. Posted on 15th Every Month from PSO Patrika Channal Ahmedabad - 380002.
દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક

આ અંકના વિશિષ્ટ સહયોગી જ્ઞાનદાતા

"સત્પંથ પ્રકાશ"ના માર્ચ - ૨૦૧૪ના અંક માટે રૂા. ૩૧૦૦૦/- (અંકે રૂપિયા એકત્રીસ હજાર)નો આર્થિક સહયોગ "જ્ઞાનદાતા" શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીના એક પરમ સેવાભાવી ઉપાસક તરફથી પ્રાપ્ત થયેલ છે. સત્પંથ પ્રકાશન સમિતિ તેઓશ્રીના આ "જ્ઞાનદાન"નો સહર્ષ સ્વીકાર કરે છે.

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપા સદાય તેમના ઉપર રહે તેવા પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ તથા સંપાદક શ્રી શામજીદાદાના અભિનંદન સહ આશીર્વાદ.

રવાના :
સતપંથ પ્રકાશ
સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ - ૩૮૨ ૪૨૫.

To, ____________________

Printed, and Published by **SHAMJIBHAI K. PATEL on behalf of Satpanth Prakashan Samiti** and Printed at **Smruti Offset,** B/5, Ravi Estate, Rustom Mill Compound, Near Torrent Power, Near Water Tank, Dudheshwar, Ahmedabad - 380 004 and published from Satpanth Prakashan Samiti, Shri Satpanth Prernapith, At - PIRANA - 382 425, Taluka - Dascroi, Dist. Ahmedabad.
Editor - **SHAMJIBHAI K. PATEL**